પોતાનો પ્રયત્ન.

લેખક,

ઉદ્ધવજી તુળશીદાસ ઠક્કર;

ઠે. માંડવી; મુંબઈ.

પ્રકાશક,

જીવનલાલ અમરશી મહેતા,

મેનેજર-પ્રિન્ટિંગવર્ક્સ એન્ડ બુક્સ એજન્સિ

પીરમશા રોડ; અમદાવાદ.

સંવત ૧૯૭૨ આવૃત્તિ ૧ લી પ્રત ૫૦૦

અમદાવાદ

"શ્રી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ"માં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

ઠે. પાંચકુવા-ચાર રસ્તા.

કિંમત બે આના.

પોતાનો પ્રયત્ન.

પ્રયત્નનું રહસ્ય.

" જ્યાં પ્રયત્ન ત્યાં પ્રભુ ", " આપ સમાન બળ નહિ " વગેરે કહેવતો આપણે વારંવાર કહીએ અને સાંભળીએ છીએ. મનુષ્યજાતિના હજારો વરસોના જ્ઞાન અને અનુભવની સંક્ષિપ્ત ઉક્તિઓ રૂપે આ કહેવતો રચાઇ છે. માણસને ઉન્નતિનો એક પણ માર્ગ હોય તો તે પોતાનો અથવા જાતનો પ્રયત્નજ છે. બીજા ઉપર આધાર રાખનાર માણસ આળસુ અને નિરૂદ્યમીજ થાય છે. જેને પોતાના પ્રયત્નમાં–પોતાના આત્મામાં વિશ્વાસ હોય, તે જ કાર્ય કરવા યોગ્ય શક્તિ પ્રાપ્ત કરી શકે છે. આવી પ્રયત્ન-શક્તિવાળા મનુષ્યોની સંખ્યા જે દેશમાં ઘણી હોય તે દેશની ઉન્નતિ અવશ્ય થાય છે. આવા મનુષ્યો જ બીજા સાધારણ મનુષ્યોને પણ ઉદ્યોગી અને સાહસિક બનાવી શકે છે. જે દેશમાં આવા જાતમહેનત કરનારા મનુષ્યો ન હોય કે ઓછા હોય તે દેશની ઉન્નતિ ન થતાં તે પછાત રહે એ પણ કેવળ વ્યાજબી જ છે.

નિર્બળતા અને નિરૂદ્યમના ઉપાસક દેશની પ્રજાને પોતાનો પ્રયત્ન એટલે શું ? આપણે શું કરી શકવા સમર્થ છીએ ? તેનું ભાન જ નથી હોતું. બીજા ઉપર આધાર રાખવાની પણ એક પ્રકારની ટેવ છે અને એ ટેવમાં સપડાએલો માણસ દિન પ્રતિદિન કામ કરવાને અશક્ત અને નિરાધાર જેવો થતો જાય છે. બીજાની સહાયતા ઉપર આધાર રાખનારનું મન ધીમે ધીમે એવું થઇ જાય છે કે સ્વતંત્ર રીતે પોતાના ગુજરાન જોગું પણ પોતે મેળવી શકશે કે કેમ ? એ બાબતમાં શંકાશીલ પણ થઇ પડે છે, અને ઘણાં આપણે કેવળ બીજા ઉપર આધાર રાખનારા–નિરાશ્રિત જેવા થઇ

જઈએ છીએ. આપણા દેશમાં હજારો નોકરી કરનારા બન્ધુઓની વખત જતાં આવીજ સ્થિતિ થાય છે, એ આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. પરન્તુ પોતાની જાત પર આધાર રાખ્યો હોય તો તેમ ન થાય. બીજાની મદદની આશા ન રાખનારની કાર્યશક્તિ નિઃસંશય વધે છે; અને સાહસ, પ્રામાણિકતા, ધીરજ ઇત્યાદિ ગુણો પણ ખીલે છે.

આપણે આપણા પોતાના પ્રયત્ન પર સર્વ આધાર રાખતાં શીખીએ છીએ અને આપણે પોતે જ આપણું સર્વ કામ કરતાં આપણા પ્રારબ્ધ પર કાબુ રાખતા થઈએ છીએ. આળસ જેમ ધીમે ધીમે ટેવરૂપ થઇ જાય છે તેમ પ્રયત્ન પણ ટેવરૂપ થઇ જાય છે; અને આ ટેવથી આપણી દરેકે દરેક શક્તિ ખીલે છે. આ સિદ્ધાંત જેમ એક મનુષ્યને લાગુ પડે છે, તેમજ સમસ્ત સમાજ અથવા પ્રજાને પણ લાગુ પડે છે. બીજા માણસો તેને માટે કાર્ય કરે અને તે કાર્ય ઉપર તે આધાર રાખતાં શીખે એટલે તેની પોતાની કાર્યશક્તિ ઓછી થાય છે, અને તેના પરિણામે જાણે પોતાને કાર્ય કરવાની જરૂર જ ન હોય એમ તેની મનોવૃત્તિ આળસુ થઇ જાય છે. આપણામાં એવી કહેવત છે કે "ગાડું જોઇ ગુડા ગળે" તે વાસ્તવિક છે. એક માયાળુ માતા પોતાના બાળક પરના પ્રેમને લીધે તે ચાલતાં શીખ્યું હોય તોપણ તેને કેડ પર બેસાડી ફરે છે. માતા એમ સમજે છે કે હું બાળકને વ્હાલ કરૂંછું, પણ તેનું પરિણામ એ આવે છે કે બાળક કેડેથી ઉતરે જ નહિ. આથી ચાલતાં કે દોડતાં તેને દુઃખ થાય છે, અને બાળકમાં જે સ્વાભાવિક સ્ફૂર્તિ અને ચંચળતા હોય તે આવી રીતે માની કેડ ઉપર બેસી રહેતાં તેનામાં રહેતી નથી. તેને ચાલવાની જ ઇચ્છા થતી નથી. આવા અનેક દાખલા આપી શકાય છે. કહેવાનો ભાવાર્થ એટલો જ કે બીજાની ઉપર આધાર રાખવાની ટેવ કોઇ પણ મનુષ્યને લાભકર્તા નથી.

સ્વપ્રયત્ન અને સરકાર.

"સરકારે પ્રજાને માટે આમ કરવું જોઇએ તેમ કરવું જોઇએ, લોકોનાં લગભગ ઘણાં કાર્યો સરકારે જ કરવાં જોઇએ," એમ ઘણાઓ કહે છે

પણ જો આપણાં સર્વ કાર્યો સરકાર જ કરી આપણો જીવન-માર્ગ પ્રયત્ન વિનાનો-સરળ-સીધોસટ કરી આપે તો તેના પરિણામે આપણે નિર્માલ્ય અને નિરૂદ્યમી જ થઇ જઇએ. એક વ્યક્તિ માટેનો નિયમ સમસ્ત પ્રજાને પણ લાગુ પડે છે.

વ્યવસ્થા ગમે તેટલી સારી હોય પણ પોતાના પ્રયત્ન વિના તે બહુ લાભ કરી શકતી નથી. દાખલા માટે એક સારી નિશાળ લઇએ. તેમાં મુખ્ય મહેતાજી, મદદનીશ મહેતાજી વગેરે કુશળ અને ઉદ્યોગી હોય, પણ માત્ર તેમની ઉપર આધાર રાખવાથી વિદ્યાર્થીઓનું કાંઇજ વળતું નથી. વિદ્યાર્થીએ પોતાના ભલાને માટે જાતે મહેનત કરવીજ જોઇએ. તેમ ન કરતાં મહેતાજીની હોંશિયારી ઉપર આધાર રાખીને બેસી રહે, તો તેમને જરા પણ લાભ થાય નહિ. એટલુંજ નહિ, પણ મહેતાજીનું શિક્ષણ પણ નકામું જાય. મહેતાજી તેમને સારી રીતે સમજાવે-તેમને ભણતરનાં સાધનો એકઠાં કરી આપે; પણ વિદ્યાર્થીઓની બુદ્ધિ પરિપક્વ દશામાં લાવવાનું કાર્ય મહેતાજીથી થઇ શકે નહિ. શિક્ષક તરફથી પ્રાપ્ત સાધનો અને શિક્ષણનો સારામાં સારો ઉપયોગ કરવો એ વિદ્યાર્થીનું પોતાનું કાર્ય છે. એ જ રીતે સારા કાયદા કાનુનોથી રાજ્યમાં સુવ્યવસ્થા રાખવામાં આવે તેટલાથી જ પ્રજાને વિશેષ લાભ થતો નથી. સારામાં સારૂં રાજ્ય એટલું જ કરી શકે કે પ્રજાની નીતિમત્તા સુધારવાને અને તેને સ્વાશ્રયી થવાને વિશેષ અવકાશ આપે. પણ કોઇપણ કાયદા-નિયમથી કે યોજનાથી સમસ્ત પ્રજા કે વ્યક્તિ પોતાની જાતના પ્રયત્ન વિના સુધરી શકે કે પોતાની ઉન્નતિ કરી શકે એ બનવું જ અશક્ય છે. કેટલાક લોકો પોતાના દારિદ્રય અને દુ:ખ માટે કેવળ સરકારને જ દોષરૂપ સમજે છે, પણ એમ દોષ દેનાર સમજતા નથી કે પોતાના પ્રયત્ન સિવાય પોતાની ઉન્નતિ કરી શકે એવી કોઇપણ શક્તિ આ અખિલ બ્રહ્માંડમાં નથી. એમ કહેનારા એવું માનતા જણાય છે કે કાયદા કાનુનની સુવ્યવસ્થા પરજ પ્રજાના કલ્યાણનો આધાર છે; પણ તેમ સમજવામાં ગંભીર ભૂલ છે. સૂક્ષ્મ વિચારથી જોતાં જણાય છે કે આવી સમજણ માત્ર આપણા દેશમાં જ છે એમ નથી, પણ સુધારાના શિખર ગણાતા ઇંગ્લાંડ દેશમાં પણ આવી

માન્યતા છે. પાર્લામેન્ટમાં પ્રતિનિધિ ચુંટાવાના સમય પર ઘણા પ્રતિનિધિઓની અને તેમને મત આપનારાઓની એવી માન્યતા હોય છે કે એ પ્રતિનિધિઓ દ્વારા પાર્લામેન્ટમાં જે કાયદા કાનુનો થશે અને તેથી જે લોકકલ્યાણ થશે તેમાં હજારમો ભાગ પણ આપણો છે, અને એ પણ અભિમાન લેવા યોગ્ય છે. પણ વસ્તુસ્થિતિ એવી નથી. પાર્લામેન્ટમાં બેસવાથી, કાયદા ઘડવાથી કે પસાર કરવાથી મનુષ્ય ખરૂં લોકકલ્યાણ કરી શકે છે એ માન્યતા ભૂલભરેલી છે. કાયદાથી મનુષ્યની લાયકાતમાં કંઇ વૃદ્ધિ થતી નથી. એટલું જ નહિ, પણ દિવસેદિવસ એવી માન્યતા દૃઢ થતી જાય છે કે લોકોનું કલ્યાણ કરવું કિંવા તેમનું જીવન વિશેષ ઉન્નત થાય તેવો લાભ કરી આપવો એ સરકારના કર્ત્તવ્યની બહારની વાત છે. પ્રજાના જાનમાલનું રક્ષણ કરવું અને કોઇ શત્રુ પ્રજા ઉપર ચઢાઇ કરે તો તેનાથી તેનું રક્ષણ કરવું, એ રાજ્યનું મુખ્ય કર્ત્તવ્ય છે. અર્થાત્ જાનમાલ અને સ્વાતંત્ર્યનું રક્ષણ કરવું એજ મુખ્યત્વે સરકારનું કામ છે. એવો કાયદો કોઇ કાળે પણ થઇ શકે નહિ કે જેથી એક આળસુ મનુષ્ય ઉદ્યોગી થઇ જાય, નિર્ધન ધનવાન થઇ જાય, કિંવા વ્યસની વ્યસનથી મુક્ત થઇ જાય. પ્રજામાંની બદીઓ ટાળવાને સખ્ત સજાના જકાતના વગેરે કાયદા કરવામાં આવે છે, પણ તે ઘણો જ ઓછો લાભ કરી શકે છે, એમ અનુભવ ઉપરથી જણાઇ ચૂક્યું છે. જ્યારે કાયદાથી એમ થવું અશક્ય છે ત્યારે મનોનિગ્રહ, ઉદ્યોગીપણું અને દૂરંદેશીથી થવું શક્ય છે એમ આપણે બરાબર સમજી શકીએ છીએ. એક ગ્રંથકારે કહ્યું છે કે, 'ઇશ્વરે મનુષ્યને માટે બે માર્ગ ખુલ્લા રાખ્યા છે; એક નીતિનો અને બીજો અનીતિનો. આમાંથી ગમે તે માર્ગે ચાલવું એ જેની તેની મરજીની વાત છે. નીતિને માર્ગે ચાલવાથી પરિણામે સુખ થાય છે; અનીતિનો માર્ગ દેખીતો સુખરૂપ છતાં પરિણામે દુઃખકર થઇ પડે છે." આનો ભાવાર્થ એજ કે ગમે તે માર્ગ ગ્રહણ કરવાની આપણને સ્વતંત્રતા છે. તેમ તેના સુખરૂપ કે દુઃખરૂપ પરિણામ ભોગવવા પણ આપણે બંધાયેલા છીએ. અર્થાત્ આપણા સુખ કે દુઃખ માટે આપણે જ જવાબદાર છીએ; તેમાં બીજા કોઇનો જરા પણ દોષ નથી. કોઇપણ રાજ્યની ઉન્નતિ કે અવ-

નતિનો વિચાર કરવામાં આવે તો તેનો મુખ્ય આધાર તે તે દેશના પ્રત્યેક મનુષ્યના સ્વભાવ ઉપર છે, એમ જણાશે. તેને માટે રાજકીય વ્યવસ્થા જ જવાબદાર છે એમ માનનારાઓની માન્યતા ભૂલભરેલી છે. જ્યાં દરેક વ્યક્તિ સુખી અને સદ્ગુણસંપન્ન ન હોય, ત્યાં રાજ્ય સુખી અને સદ્ગુણી કેમ હોઇ શકે? જેમ પ્રત્યેક મનુષ્યની સુધારણા પોતાના પ્રયત્નો ઉપર આધાર રાખે છે, તેવીજ રીતે રાજ્ય કે પ્રજાની સુધારણાનો આધાર પણ મનુષ્યોના શ્રમ ઉપરજ છે. જો રાજ્યને સુધારવાની ઇચ્છા હોય, પ્રજા સુધરે એ આપણી ધારણા હોય તો રાજ્યની પ્રજામાંના પ્રત્યેક મનુષ્યે જાતે પ્રથમ સુધરવાની જરૂર છે. જેમ જેમ દરેક વ્યક્તિમાં સુધારો થતો જાય છે તેમ તેમ સમાજમાં પણ સુધારો થાય એ સ્વાભાવિક છે.

આ ઉપરથી એમ સિદ્ધ થયું કે, રાષ્ટ્રની અથવા પ્રજાની સુધારણા—ઉન્નતિ એટલે તે પ્રજામાંના દરેક મનુષ્યનો ઉત્સાહ, ઉદ્યોગ અને સત્યપરાયણતા એ સર્વનો સમૂહ છે. તેમજ રાષ્ટ્ર—પ્રજાની પડતી એટલે તેમાંના પ્રત્યેક મનુષ્યની આળસાઇ, સ્વાર્થદૃષ્ટિ અને અનીતિનો સમૂહ છે. પ્રજામાં દુઃખ છે, તે દુઃખ ન હોત તો સારૂં થાત, એમ કહેનારા લોકોની દૃષ્ટિમાં ઘણુંખરૂં રાજ્યબંધારણ ખુંચે છે. પણ આમ કહેનારાઓ સમજતા નથી કે સમસ્ત પ્રજાનાં દુઃખો ઘણે ભાગે દરેક મનુષ્યની અનીતિને લીધે જ ઉત્પન્ન થાય છે.

ગામડાની પ્રજા કરતાં શહેરની પ્રજામાં અનીતિનાં દૃષ્ટાન્ત વધારે પ્રમાણમાં બને છે એ સર્વના જાણવામાં આવ્યું છે. મુંબઈ, અમદાવાદ, પુના, કલકત્તા, લંડન, પારીસ વગેરે મોટાં મોટાં શહેરોની જેમને માહિતી છે, તેમને ખબર હશે જ કે, ત્યાં અનેક પ્રકારના પ્રપંચ ને અનીતિનાં કાર્યો વધારે પ્રમાણમાં થાય છે. તેનું કારણ કેટલાકો એમ સમજે છે, કે વસ્તીના વધારાની સાથે અનીતિનો પણ વધારો થાય છે. પણ આ ભાવનાથી તેઓ આગળ વધી શકતા નથી. વસ્તીનો વધારો એ જ કારણ છે, એમ તેઓ માની શહેરોની વસ્તી વધવા ન દેવી એ જ ઉત્તમ છે એવો સિદ્ધાંત કરી બેસે છે. મોટાં મોટાં શહેરોમાં અનીતિ વધવાનું કારણ હાલના સુધારાથી પ્રાપ્ત થયેલાં સાધનો

છે, ને જેમ જેમ એ સાધનો વધતાં જાય છે તેમ તેમ અનીતિ વધે છે. માટે સુધારાની જ જરૂર નથી એમ કેટલાકો માને છે. પણ ખરી રીતે જોઇએ તો વસ્તીનો વધારો અથવા સુધારો અનીતિને માટે જરા પણ જોખમદાર નથી. સૂક્ષ્મ વિચારથી જણાઇ આવશે કે અનીતિનું કારણ ત્રીજું જ છે, ને તે એ કે મનુષ્યનું વર્તન. શહેરોમાં વિવિધ પ્રકારનાં લોકો હોય છે; તેમાંથી કોઇક સારા હોય છે તો કોઇક નઠારા હોય છે. ગામડાનાં લોક કરતાં શહેરોમાંના કેટલાક લોકો ઘણા સારા હોય છે; કેટલાક ઘણા ખરાબ પણ હોય છે. શહેરોમાં સ્વાર્થ—પ્રપંચ અને દુષ્ટતાનાં દ્રષ્ટાન્ત મળી આવે છે તે જ પ્રમાણે નીતિના અને પરોપકારનાં દ્દષ્ટાન્ત પણ મળે છે. જેમ અનીતિ-વાન લોકોને માટે શહેર એક વિશાળ ક્ષેત્ર છે, તેમજ નીતિવાન માટે પણ સમજવું. તેવી જ રીતે સુધારાનો ઉપયોગ પણ જેમ સારાં કામોમાં થાય છે, તેમ નઠારાં કામોમાં પણ થાય છે. વિષ ઔષધ તરીકે જીવનદાતા થાય છે તેમ જ તેનો દુરૂપયોગ થતાં જીવનને નાશકારક પણ થાય છે. પણ તેમાં તેનો દોષ નથી. એક ચપ્પુ બુઠ્ઠું હોય અને તેનાથી કલમ સારી ઘડાતી ન હોય માટે આપણે ધાર કઢાવીએ છીએ એટલે તે કલમ ઘડવામાં સારૂં કામ આવે છે. પણ તે જ ચપ્પુ લઇને કોઇના પેટમાં મારીએ તો તેથી ધાર કાઢનારનો એટલે તેમાં સુધારો કરનારનો દોષ નથી. શહેરના જીવનમાં તેમ જ સુધારાનાં સાધનોથી અનર્થ થવાનો સંભવ ઉભો થાય છે. પણ તેથી તેનો હેતુ જ અનર્થ કરવાનો છે, અથવા તેનાથી કંઇ સારૂં થઇ જ ન શકે એમ માનવું ભૂલભરેલું છે. શહેર અને સુધારાને લઇને જે સંકટો આપણે જોઇ શકીએ છીએ, તે ખરી રીતે મનુષ્યના વર્તનમાંથી જ ઉત્પન્ન થાય છે. આ વાત જો વાસ્તવિક સમજાય તો સ્વદેશાભિમાની પુરુષોનું શું કર્ત્તવ્ય છે એ જરૂર આપણા લક્ષમાં આવે. પ્રજાનાં સંકટો અને દુઃખ ખરેખર દૂર કરવાં હોય તો માત્ર કાયદા કાનુનો કરાવી સંતોષ પામવાનું નથી. ગમે તેવા ઝીણવટવાળા અને સખ્ત કાયદા કરવામાં આવે તોપણ જો લોકોનાં મન સડેલાં અને અનીતિવાન હશે, તો તેમાંથી છટકવાની ગમે તેવી બારીઓ શોધી શકશે જ. એક પ્રકારે અનીતિનો અટકાવ કરવાનો પ્રયત્ન કર-

વામાં આવશે તો તે બીજા માર્ગે ભભૂકી નીકળશે. પૂર્વે એક દેશમાં ઘણીજ અનીતિ થતી હતી. ઠેઠ ઠેકાણે વેશ્યાની દુકાનો નજરે પડતી અને ઘણા પુરુષો વેશ્યાપાસમાં લપટાયેલા રહેતા હતા. આવી દયાજનક સ્થિતિ જોઇ તે દેશના રાજાએ હુકમ કર્યો કે વેશ્યાઓની બધી દુકાનો એકદમ બંધ કરવી. આથી વેશ્યાની દુકાનો દેખીતી રીતે બંધ કરવામાં આવી. પણ વેશ્યાઓએ દારૂની દુકાનો ખોલી અને તે દ્વારા ચાલતી અનીતિ એકને બદલે બે સ્વરૂપમાં ચાલુ થઇ, અર્થાત્ સુધારા માટે ઘડેલા સરકારી કાયદાનું પરિણામ સારૂં ન આવતાં ઉલટું જ આવ્યું. આ ઉપરથી એમ સ્પષ્ટ સમજાય છે કે જ્યાં સુધી મનુષ્યના પોતાના સ્વભાવમાં સુધારો થતો નથી, ત્યાંસુધી કાયદાથી કંઇ પણ સારૂં પરિણામ ઉપજાવી શકાતું નથી. નીતિવાન થવા ઇચ્છતા પ્રત્યેક મનુષ્યે પોતાના દોષો સમજી નીતિનું ચિન્તવન કરવું જોઇએ. પોતે જે નીતિ અને પ્રેમ જોવા ઇચ્છતા હોય તેના પોતે દૃષ્ટાન્તરૂપ થવું જોઇએ. આમાંજ ખરૂં દેશાભિમાન અને પરોપકાર રહેલાં છે. ચાલુ કાયદામાં કે વ્યવસ્થામાં ફેરફાર કરવાથી મનુષ્યના સ્વભાવ અને વર્તનમાં ફેરફાર થતો નથી. કેવળ કાયદાઓ અને વ્યવસ્થા તરફ જ લક્ષ રાખવું એ શરીરમાં રક્ત બગડવાથી થયેલા અંતર રોગ માટે બાહ્ય મલમપટી કરવા બરાબર છે. આવી મલમપટીથી એક ઠેકાણે રોગ મટી જતો જણાય તો બીજી જગાએ ખૂબ જોરથી તે પ્રકટી નીકળે છે, ને ત્યાં સારૂં થતાં ત્રીજે ઠેકાણે દેખાય છે, પણ રોગ જડ-મૂળથી જતો નથી. રોગનો નાશ કરવા માટે તો અંદરના ઉપચાર—લોહી શુદ્ધ થાય એવા ઉપચારની જ જરૂર છે; તે સિવાય વ્યાધિનું મૂળ નાબુદ થતું નથી. તે જ પ્રમાણે મનુષ્યનો દુષ્ટ સ્વભાવ—પ્રત્યેક વ્યક્તિની અનીતિ-પ્રજાની અવનતિનું કારણ છે. જેનાથી મુક્ત થયા સિવાય કાયદા કાનુનોમાં ગમે તેટલો ફેરફાર કરવામાં આવે તોપણ સમગ્ર પ્રજાની નીતિરીતિમાં સુધારો થવાનો નથી. નીતિરીતિ સુધારી સદ્વર્તનશાળી થવા માટે પ્રત્યેક મનુષ્યે પ્રયત્ન કરવો એ જ સાચા સ્વદેશાભિમાની મનુષ્યોનું ખાસ લક્ષ હોવું જોઇએ.

રાજ્યનો આધાર પ્રજાના વર્તન ઉપર છે.

ઇતિહાસ ઉપરથી એક બીજી વાત સમજાય છે તે એ કે જે પ્રજા નીતિમાન, શૂરવીર અને ઉદ્યોગી હોય છે તેના રાજ્યકર્તાઓ પણ તેવા જ સારા હોય છે. તેમજ જે પ્રજા નીતિભ્રષ્ટ, બીકણ અને આળસુ હોય છે તેના રાજ્યકર્તા જુલમી અને અન્યાયી હોય છે. કોઇક વાર એવું બને છે કે ખરાબ પ્રજા ઉપર સારા રાજાઓ થાય છે, પણ પ્રજાના દુર્વર્તનને લીધે છેવટે તે પણ તેવા થાય છે. પરન્તુ પ્રજા સારી હોય તો સમય જતાં ખરાબ રાજાઓ પણ સારા થાય છે. આવા દાખલા ઇતિહાસમાંથી જોઇએ તેટલા મળે છે. આપણામાં **યથા રાજા તથા પ્રજા** એવી કહેવત છે. તે જ પ્રમાણે **યથા પ્રજા તથા રાજા** એમ કહીએ તોપણ ચાલે.

પ્રજાની નીતિરીતિ ઉપર જ દેશની આબાદીનો આધાર છે. પ્રજા નીતિરીતિમાં ઉત્તમ હોય તો એકંદરે ખરૂં હિત થાય છે, અને તે ઉત્તમ ન હોય તો અહિત થાય છે. રાજા દુષ્ટ હોય તેથી પ્રજાનું બહુ નુકસાન થતું નથી. કદાચ થાય છે તોપણ તે એક, બે કે પાંચ પચીસ વર્ષ થાય છે; પણ છેવટે રાજાને પ્રજાની નીતિરીતિને અનુસરવુંજ પડે છે. પ્રજા એ એક મોટી નદીનો પ્રવાહ છે. કોઇ કોઈ વાર રાજારૂપી પર્વત એ પ્રવાહના માર્ગની વચ્ચે આવે છે એથી પ્રવાહ સહેજસાજ વળી જાય છે. પણ તેથી તે સાગરને મળવાનું પોતાનું લક્ષ્ય ત્યજી દે એ કદી બને નહિ. રાજા ગમે તેવો દુષ્ટ હોય તથાપિ પ્રજા જો સદ્વૃત્તિવાળી હોય તો રાજા પોતાની મેળેજ સારો થાય છે. તેથી વિરુદ્ધ જો પ્રજા દુષ્ટ અને નીતિભ્રષ્ટ હોય અને રાજા કદાચ સારો પણ હોય તોપણ તેથી વધારે લાભ થતો નથી. જુલમી રાજાને લીધે પ્રજાની સ્વતંત્રતાનો નાશ થાય છે, માટે જુલમી રાજાને દૂર કર્યો હોય તો પ્રજાનું કલ્યાણ થાય છે એમ ઘણાઓ કહે છે. પરન્તુ આ સ્વતંત્રતા તે માત્ર શરીરનીજ છે. માનસિક સ્વતંત્રતાનો નાશ થયો–મનમાં સડો પેસવા માંડયો કે પ્રજાજીવનના દરેક અંગો બગડવા માંડે છે. શારીરિક પરતંત્રતા ભોગવવી સારી, પણ માનસિક પરતંત્રતા બહુ ખરાબ છે. મન ઉપર જૂલમ

કરનારા હૃદયના કામ ક્રોધાદિ શત્રુઓ તથા અજ્ઞાનતા, એના જુલમ અત્યંત જુલમી રાજાનાં જુલમ કરતાં ભારે અસહ્ય છે. એટલા માટે દરેક માણસે માનસિક સ્વતંત્રતા મેળવવી એજ પ્રથમ કર્તવ્ય છે. માનસિક સ્વતંત્રતા ન હોય તો પછી રાજા સારો હોય, જમીન રસાળ હોય, રાજ્યવ્યવસ્થા ઉત્તમ હોય, તોપણ દેશની ઉન્નતિ કોઇ કાળે થવાની નહિ. દેશની ખરી સ્વતંત્રતાનું બી તેના દરેક મનુષ્યનો સ્વભાવ છે. પ્રજામાંના દરેક મનુષ્યને શારીરિક તથા માનસિક સ્વતંત્રતાની ઇચ્છા હોય, જો દરેક મનુષ્ય પોતે સુધરવા પ્રયત્નવાન હોય તો આખા દેશનું અવશ્ય કલ્યાણ થાય, તેમને તેને સ્વસ્થતાના અનુકૂળ સુખનો લાભ મળે. આપણા લોકો રાજ્ય અને રાજાના ધર્મથી અજ્ઞાત હોવાથીજ રાજ્ય સંબંધી ઘણુ બેકાળજીપણું રાખતા જણાય છે. આપણામાં મોટા મનાતા લોકો પૈકી કેટલાએ દેશની રાજ્યવ્યવસ્થા સંબંધમાં સૂક્ષ્મ અભ્યાસ કર્યો છે? વ્યવહારથી દૂર રહેવાનો ઉપદેશ ખરા વેદાન્તનો ઉપદેશ નથી. પ્રાચીન કાળથીજ આપણા લોકો પરલોક તરફ વિશેષ લક્ષ આપતા આવ્યા છે, અને આ લોક તો જાણે કેવળ નિરર્થક અને મિથ્યા હોય એમ માનતા આવ્યા છે. આ માયા જાળ—આ સંસારનો ઇંદ્રિજાળ જેવા પડદો તોડી નાખી-સંસારનો ત્યાગ કરી વનમાં જઇ તપશ્ચર્યા કરતો બેસે તેજ સંત—મહાત્મા એવી લોકોની સમજણથી આ સંસારમાંનાં સુખ દુઃખ તરફ જોઇએ તેવું ધ્યાન કોઇએ આપ્યું નથી. આવા અવ્યવહારિક વેદાન્તના પ્રાબલ્યને લીધે આપણા દેશને મહાન્ હાનિ થઇ છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. વેદાન્ત એટલે વ્યર્થવાદ-વેદાન્ત એટલે ઇન્દ્રજાળ આમ જે કેટલાકો કહે છે તે આવા અવ્યાવહારિક વેદાન્તને લઇને છે. આવા વેદાન્તના કરતાં વ્યવહારનો આશ્રય આપણા લોકોએ લીધો હોત તો આપણે વધારે સુખી હોત. મનુષ્યને અન્યોન્યનો સમાગમ જરૂરનો હોય—અન્યોન્યના સહવાસથી લાભ થતો હોય તો ઉપરોક્ત પ્રકારના વેદાન્તનો હવે ત્યાગ કરવો, એજ સારૂં છે. જ્યાં સુધી આવી માન્યતા—અવ્યાવહારિક વેદાન્ત આપણા દેશમાં રહેશે ત્યાં સુધી આપણા દેશનું કોઇ પણ પ્રકારે હિત થવું અશક્ય છે. એક કવિએ કહ્યું છે કે;—

अजरामरवत् प्राज्ञो विद्यामर्थं च चिन्तयेत् ।
गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ॥

આનો અર્થ એવો થાય છે કેઃ—ડાહ્યા માણસે પોતાને વૃદ્ધાવસ્થા અને મૃત્યુ આવવાનાંજ નથી એમ સમજીને વિદ્યા અને ધનની પ્રાપ્તિ માટે પ્રયત્નવાન થવું જોઇએ, અને જાણે આપણે મૃત્યુના મુખમાં હોઇએ એમ સમજી ધર્માચરણ કરવું જોઇએ. કેવું ડહાપણ ભર્યું આ વાક્ય છે ?

યુરોપના ઉદયનું કારણ.

હાલ જે પ્રજા આપણી ઉપર રાજ્ય કરે છે તેની સ્થિતિ આપણી સ્થિતિથી કેટલે દરજ્જે ભિન્ન છે ? ઇંગ્લંડ તેમજ યુરોપના બીજા દેશો આટલે દરજ્જે પોતાની ઉન્નતિ કરી શકયા છે, એનું મુખ્ય કારણ એજ છે કે ત્યાંનો દરેક મનુષ્ય પોતે સ્વતંત્ર થવાની ઇચ્છા રાખે છે, અને તે પ્રાપ્ત કરવા ઉદ્યોગ કરે છે. આ બંને ગુણો ઇંગ્રેજી પ્રજામાં વિશેષે કરીને જણાય છે. મોટા મોટા ઉમરાવો પણ ઉદ્યોગી રહેવામાં માન સમજે છે, અને જે નિરૂદ્યોગી રહે છે તે લોકની નિંદાને પાત્ર થાય છે. મોટા સરદારોના પુત્રો પણ ઉદ્યોગ કરે છે. રાજકુંવર સુદ્ધાં કોઇને કોઇ કામમાં હમેશાં પ્રવૃત્ત હોય છે. મહારાણી વિકટોરીયાના રાજપુત્રો પૈકી એક સૈન્યમાં અને એક નૌકા સૈન્યમાં જોડાયા હતા. આગણા સાંપ્રત મહારાજા જ્યોર્જ પાંચમાએ પણ ઘણાં વરસો સુધી નૌકાસૈન્યમાં નોકરી કરી હતી, અને પ્રિન્સ ઑફ વેલ્સ તેજ પ્રમાણે લશ્કરમાં એક સાધારણ મનુષ્યની પેઠે જોડાયલા છે. આપણા દેશના ધનવાનો અને અમીર ઉમરાવોને આ વાત આશ્ચર્યકારક લાગે છે. તેઓ તો એમજ સમજે છે કે જેમને પેટ ભરવાનું સાધન ન હોય તેમનેજ ઉદ્યોગ—મહેનત કરવાની જરૂર છે " તમારા બાળકોને ઉંચી કેળવણી કેમ નથી આપતા ?" એમ તેમને પૂછવામાં આવે તો તેઓ એમજ કહે છે કે, " તેમને ક્યાં કમાવા જવું છે કે તેવા ભણતરની તસ્દી લેવી પડે ? ક્યાં અમને તોટો છે કે અમારા બાળકો તેવી મહેનત કરે ?"

આવા વિચારો માત્ર શ્રીમંત વર્ગના લોકોનાજ છે એમ નથી. ગરીબ લોકોના વિચારો પણ એવાજ થઇ ગયા છે. આનું પરિણામ એ આવે છે કે ઉદ્યોગથીજ જેઓ ધનવાન થયા હોય તેમનાં બાળકો નિરૂદ્યમી, આળસુ થાય છે. ભર્તૃહરી કવિ પોતે રાજા હતો. તે નીચે પ્રમાણે કહે છેઃ—

आलस्योऽहि मनुष्याणां शरीरस्थो महान रिपु ।
नास्त्युद्यम समो बन्धुः कुर्वाणीना वसीदाति ॥

આનો ભાવાર્થ એવો છે કે, આળસ એ મનુષ્યના શરીરમાં રહેનારો ભારે શત્રુ છે. ઉદ્યોગના જેવો બીજો બન્ધુ નથી. ઉદ્યોગથી મનુષ્ય કદી ઉદાસીન થતો નથી. એટલા માટે આપણા લોકોએ ઉદ્યોગનું વ્રત સ્વીકારવામાંજ દેશનું કલ્યાણ છે. ઉદ્યોગને અસાધ્ય હોય એવું શું છે?

યુરોપમાં ઉદ્યોગથી એટલા બધા લોકોએ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી છે કે તેની ગણતરી પણ થઇ શકે તેમ નથી. ત્યાં દરેક મનુષ્યને પોત પોતાના ઉદ્યોગમાં વિશ્વાસ હોય છે, અને તેને માટે દરેક પ્રકારના પ્રયત્નમાં તે આત્મસંયમન કરે છે. નાના મોટા, ગરીબ તેમજ શ્રીમન્ત, સૌ મનુષ્યો ઉદ્યોગમાં મચ્યા રહે છે. જો કે નાના અને સાધારણ લોકોનાં નામ પ્રસિદ્ધિમાં ન પણ રહ્યાં હોય તથાપિ તેમના ઉદ્યોગથી દેશનું અનેક રીતે કલ્યાણ થયું છે. તેમના સમયના અને તેમની સમીપના લોકોનું તેમનાથી ઘણું કલ્યાણ થયું છે, એ નિઃસંશય છે. આવા લોકોનાં જીવનચરિત્રો લખવામાં આવ્યાં હોય તો તે દેશને કે આપણા જેવા નિરૂદ્યમી દેશને તેથી અનેક રીતે લાભ થવાનો સંભવ છે. જીવનચરિત્રના દૃષ્ટાન્તથી જે શીખાય છે તે ગમે તેવા ઉપદેશ કે કાલ્પનિક કથાઓથી શીખાતું નથી. ઉદ્યોગી આરંભશૂરા કે આરંભમાં પોતાની બડાઇનાં બણગાં ફુંકનારા નહિ પણ કાર્યસિદ્ધિ પર્યન્ત ધીરજ અને શ્રદ્ધાથી તે પાછળ મંડયા રહેનારા અનેક નરરત્નો ઇંગ્લંડમાં થયા છે. તેમનાં જીવનચરિત્રો ઉપરથી દરેક જણ સમજી શકે છે કે જાતપ્રયત્નથી દરેક કાર્ય સિદ્ધ કરી શકાય છે. ગમે તેવા ગરીબ મનુષ્યમાં પણ

સ્વાભિમાન અને સ્વાવલંબનથી પોતાના પ્રયત્ન ઉપર મુસ્તાક રહેવાથી કંઇ અજબ તેજી આવી જાય છે, અને પેટને માટે ચિન્તા કરવા જેવું રહેતું નથી. किं दूर व्यवसायिनाम् અર્થાત્ ઉદ્યોગી મનુષ્યને અગમ્ય શું છે? કાંઇજ નથી. માત્ર પુસ્તકોથી સિદ્ધિ નથી.

પ્રત્યેક મનુષ્ય પોતાના ઉદ્યોગપર વિશ્વાસ રાખતો થાય-દરેક મનુષ્ય પોતાના બન્ધુઓ અને ભગિનિઓને પોતાના ઉદ્યોગી ચરિત્રથી દૃષ્ટાન્તરૂપ થઇ શકે, એમાંજ સમસ્ત દેશનું કલ્યાણ છે. પુસ્તકો વાંચવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે-ઉદ્યોગ અને સાહસથી થતાં લાભોનું વર્ણન વાંચતાં આપણા હૃદય-માં સ્ફૂર્તિ આવે છે; પણ પ્રત્યક્ષ જોવાથી-દૃષ્ટાન્ત દૃષ્ટિ સમક્ષ રાખવાથી જે લાભ થાય છે તે વધારે ઉપયોગી છે. કેવળ વાતોથી કંઇ લાભ થતો નથી, કેવળ ભાષણોથી વિશેષ કશો લાભ થતો નથી. પણ ખરો લાભ તો કાર્ય કરી બતાવવામાં અથવા દૃષ્ટાન્તરૂપ થવામાંજ છે. વાતો કરનારાના કરતાં દૃષ્ટાન્ત રૂપ થનારા વીર પુરુષોજ જગતમાં વધારે પૂજાયા છે. પુસ્તકો વાંચ-વાથી વ્યાવહારિક જ્ઞાન થોડુંજ મળે છે. પુસ્તકીય જ્ઞાન હોવા છતાં અમુક વિદ્યા કે ઉદ્યોગનું વ્યાવહારિક જ્ઞાન થાય ત્યારેજ પુસ્તકથી મેળવેલા જ્ઞાનની સિદ્ધિ થાય છે. આગબોટ કેમ બનાવવી એ સંબંધી એક પુસ્તક વાંચતાં તેનું કંઇક જ્ઞાન થઇ શકે ખરૂં, પણ તેટલાજ જ્ઞાનથી જો તે પોતે આગ-બોટ બાંધવા બેસે તો તે બાંધી શકશે નહિજ. તેણે પુસ્તકથી મેળવેલું જ્ઞાન વ્યવહારમાં બહુજ ઓછા ઉપયોગનું જણાશે. નૌકા બાંધવીજ હોય તો કોઇ હોંશીયાર અને અનુભવી કારીગરના હાથ નીચે રહી તેની કેળવણી લેવાની ખાસ જરૂર છે. વ્યવહારમાં પોતાની ભૂલો જોવાની અને કારીગરને પૂછીને તે સુધારવાની જરૂર છે. અગર પોતે તે કામ શરૂ કરી ભૂલો કરીને પોતેજ સુધારી લે, અને એ રીતે અનુભવ લઇ પ્રવીણ થવાની જરૂર છે. આવું જ્ઞાન ઈંગ્રેજ લોકો મેળવે છે એમ કબુલ કરવું જોઇએ. નગરોમાં, ગામડામાં, ગલીઓમાં, બજારોમાં કે ધંધાની દરેક દરેક દિશામાં ઈંગ્લંડમાં પોતાના શ્રમપર પેટ ભરનારા અનેક મનુષ્યો નજરે પડે છે. પ્રયત્ન કરી ભાગ્ય અજમાવવા તેઓ પૃથ્વીના ગમે તેવા વિકટ

ભાગમાં જવાને તૈયાર હોય છે. અમેરિકા, આફ્રિકા, એશિયા, પેસિફિક મહાસાગરના બેટો કે જ્યાં છેક જંગલી લોકો વસે છે ત્યાં પણ અંગ્રેજો હિંમતથી જાય છે. દેશ ઠંડો હોય કે ઉષ્ણ, હવાપાણી સારાં હોય કે ખરાબ, તે સમીપ હોય કે દૂર, બેટ હોય કે ખંડ, સમુદ્રના કિનારાની નજદીક હોય કે દૂર, પણ કર્મવીર અંગ્રેજ બચ્ચા ત્યાં જવામાં જરા પણ ડરતા નથી. તેમને ઉદ્યોગ કરવામાં પરદેશ અને સ્વદેશનો ભેદજ નથી. આપણા દેશબંધુઓની સ્થિતિ તેથી ઉલટીજ છે. ઘર છોડી દૂર જવું તેમને પ્રાણસંકટ સમાન જણાય છે. ઘરે રહી ભીખ માગવી હોય તો ભલે, પણ પરદેશમાં જતાં તેઓ ધ્રૂજે છે. એટલુંજ નહિ પણ પાસેના દેશમાં જતાં પણ અચકાય છે. આપણા સર્વ લોકોજ એવા છે, એવો અમારા કહેવાનો ભાવાર્થ નથી. એકંદર જોતાં અને સ્વપ્રયત્નના પ્રશ્નોનો વિચાર કરતાં ઇંગ્રેજ લોકોની સરખામણીમાં આપણા બંધુઓ એવાજ છે, એમ કહેવું ખરૂં જણાય છે. રેતીમાંથીજ રત્નો પાકે છે. ઇંગ્લંડમાં જે જે લોકો મોટા અને જાણીતા થયા છે તે એકજ વર્ગમાંથી થયા નથી. તેમાં સર્વ જ્ઞાતિઓએ, સર્વ વર્ગોએ પોતાનો ભાગ આપ્યો છે. કવિઓ, તત્ત્વજ્ઞાનીઓ, યંત્રશાસ્ત્રવેત્તાઓ, ન્યાયાધીશો અને મોટા મોટા શોધકોનો મોટો ભાગ ગરીબ વર્ગમાંથી સ્વપ્રયત્નથી આગળ વધેલાઓનો બનેલો છે. આપણા લોકો ધીમે ધીમે પ્રયત્ન તરફ વળવા લાગ્યા છે, પણ પોતાના પ્રયત્ન ઉપર તેમને જરાપણ શ્રદ્ધા નથી, એ દિલગિરીની વાત છે. આપણે ઘણું કરી પગારથીજ—પોતાને માથે જોખમદારી લીધા વિના કામ કરવાને ખુશી હોઇએ છીએ. પોતાના શીરપર જોખમ લઇ પ્રયત્નમાં મુસ્તાક રહી ફલસિદ્ધિ માટે પ્રયત્ન કરનારા આપણા દેશમાં ગણ્યા ગાંઠ્યાજ નીકળે છે. પૂર્વે આપણા દેશમાં આવા પ્રયત્ન વીરો ઉત્પન્ન થતા હતા. હાલ મોટાં શહેરોમાં એવા પુરુષો ઉત્પન્ન થવા લાગ્યા છે. વ્યાપારને માટે મારવાડી તેમજ વિશેષ કરીને પારસી લોકો માત્ર આ દેશમાંજ નહિ પણ દુનિયાના અનેક વ્યાપારી દેશોમાં પ્રસિદ્ધ છે. સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ, મી. તાતા ઇત્યાદિ નામો આજે જગ જાણીતા થયા છે.

મારવાડી લોકો પણ વ્યાપારી તરીકે સુપ્રસિદ્ધ છે. મારવાડી પ્રજાનો

વ્યાપારજ મુખ્ય ધંધો થઇ ગયો છે. હિંદુસ્તાનના એક નાનામાં નાના ગામડામાં પણ મારવાડીની દુકાન હોય છે. ગમે તેવા જંગલી અને અસંસ્કારી લોકોમાં પણ મારવાડી ઘુસી જાય છે. તેમને સાધારણ લખવા વાંચવાનુ કે હિસાબ કરવાનું જ્ઞાન એજ આશયથી આપવામાં આવે છે કે જાણે તેમને વ્યાપારીજ થવું હોય. છોકરાની ઉંમર નવ દશ વર્ષની થઈ કે કોઇક વેપારીને ત્યાં તેને ગોઠવી દેવામાં આવે છે. હિસાબ કરવામાં તેમજ લેણદેણના કામમાં મારવાડીના નાના છોકરાઓ પણ ઘણા ચોક્કસ હોય છે. હોંશિયારી જણાતાં તેને થોડું ધન આપી પોતાને જોખમે વ્યાપાર કરવાની જોગવાઇ કરી દેવામાં આવે છે, અને તેનાં જ્ઞાન તથા અનુભવ વૃદ્ધિ પામતાં તેને મોટા વ્યાપારમાં જોડવામાં આવે છે. કલકત્તાના મારવાડીઓની વ્યાપાર સંબંધી જાહોજલાલી જેણે જોઇ હશે તેઓ સરળતાથી સમજી શકશે કે જન્મથીજ વ્યાપારી કેળવણીમાં ઉછેરવાથી એક પ્રજાને કેટલો લાભ થઇ શકે છે.

એક મારવાડી જ્યારે અમુક ગામમાં દાખલ થાય છે, ત્યારે તે રંક જેવો હોય છે. બે ત્રણ વસ્ત્રો અને એકાદ લોટો એજ તેની મીલકત હોય છે. તે ભિક્ષુકની પેઠે ફરે છે. ઘરની એક પાઇ પણ ન વાપરવી એવો તેણે નિશ્ચય કર્યો હોય છે. બે પૈસા થયા કે તે વ્યાપાર કરવા માંડે છે. ઉદ્યોગ અને ખંતથી તે ધીમે ધીમે આગળ વધી લક્ષાધિપતિ થાય છે. આવાં ઉદાહરણો જોઇએ તેટલાં મળે છે. લોકોમાં મારવાડીઓ પ્રિય નથી—ગ્રામોફોનવાળા કે નાટકોવાળાને બીજા કોઇ ન મળે ત્યારે મારવાડીઓનીજ મશ્કરી કરે છે. મારવાડીઓ ભિક્ષુક જેવા જણાય છે, અને શરૂઆતમાં પોતાના જાતભાઇઓ પાસેથી ભિક્ષા પણ માગે છે, પરન્તુ તેઓ પોતાની સ્થિતિનો સારો ઉપયોગ કરે છે. લોકો ભલે તેમના પર હાસ્ય કરતા હોય કે તેમની નિંદા કરતા હોય તથાપિ ઉદ્યોગ, નિયમિત ખર્ચ અને ધીરજ વગેરે ગુણો તેમનામાંથી ખાસ શીખવા જેવા છે. આ ગુણો સાથે જો તેમનામાં સત્યનો ગુણ હોય તો તેઓ પ્રિય થઇ શકે. મારવાડીઓ હમેશાં અસત્યવાદી છે એમ અમારા કહેવાનો આશય નથી, માત્ર તે જોઇએ તેટલા

પ્રમાણમાં સત્યપરાયણ નથી. પણ આ દોષ માત્ર મારવાડીઓમાંજ છે એમ નથી. આપણા દેશમાં તો એવી સમજણજ થઇ ગઇ છે કે અસત્ય બોલ્યા સિવાય પેટ ભરાયજ નહિ. આ સમજણ કેટલી ખોટી છે એ આપણા વ્યાપારીઓ સમજતા નથી. એકજ ભાવથી જે આંટ જામે છે, અને તેમાંથી જે લાભ થાય છે તેની કલ્પનાજ આપણા વ્યાપારીઓને નથી, એમ કહેવામાં જરા પણ બાધ નથી.

આપણા પૂર્વજો ઉદ્યોગી હતા.

પૂર્વે આપણા દેશમાં પણ પશ્ચિમના લોકોની પેઠે ઉદ્યોગી લોકો થતા હતા, એમ પ્રાચીન સંસ્કૃત ગ્રંથો ઉપરથી જણાય છે. પુષ્કળ ગ્રંથો જો કે નાશ પામ્યા છે, પુષ્કળ ગ્રંથોની અદ્યાપિ માહિતી પણ નથી મળી, છતાં જે ગ્રંથો આપણી પાસે છે તે ઉપરથી એટલું તો જણાય છે કે આપણા પૂર્વજો ઉદ્યોગમાં હાલના બીજા દેશોના ઉદ્યોગી પુરુષોથી ઉતરતા નહોતા. કવિઓ, વૈયાકરણીઓ, જ્યોતિશાસ્ત્રીઓ વગેરેના ગ્રંથો વાંચીએ તો જણાઇ આવે છે કે એ ગ્રંથો અત્યન્ત અને અવિશ્રાન્ત પ્રયત્ન વિના રચાયા નહિ હોય! જ્યોતિષવિદ પંડિત ભાસ્કરાચાર્ય સમસ્ત હિંદુસ્તાનમાં ફર્યા હોય એમ કહેવામાં આવે છે. તેમજ મહા કવિ કાલિદાસને પણ આખા ભરતખંડની માહિતી હતી, એમ એમનાં નાટકો અને કાવ્યો કહી આપે છે. એમના ઉદ્યોગની તુલના તે વખતના પ્રવાસનાં સાધનો ઉપરથી કરવાની છે. તેમજ કાવ્યશક્તિ પણ જો કે ઇશ્વરી બક્ષીસ છે તથાપિ તે ખીલવવા પ્રયત્ન અને સતત ઉદ્યોગની જરૂર છે. વૈદકશાસ્ત્રમાં પણ આપણા દેશના શોધકોએ અનેક પ્રકારના શોધો કર્યા છે. પણ તેમની પાછળના વૈદરાજો કેવળ એ ગ્રંથોમાંજ સંતોષ પામી બેસી રહ્યા છે. તેમણે પણ જો પોતાના પુર્વજોની પેઠે પરિશ્રમ કર્યો હોત તો આજે આપણા વૈદકશાસ્ત્રમાં અનેક પ્રકારે સુધારણા થઇ હોત! આજે તો એ શાસ્ત્રો સમજનારા પણ જ્યાં ઓછા છે ત્યાં નવીન શોધોની તો આશાજ ક્યાંથી રાખી શકાય? બ્રિટીશ સરકારની કૃપાથી હવે મુંબઇ, કલકત્તા વિગેરે શહેરોમાં

મેડીકલ કાલેજો સ્થપાઇ તેમાંથી વિદ્વાન્ ડોકટરો બહાર પડે છે. એમને અમારી એજ સૂચના છે કે તેમણે પ્રાચીન સંસ્કૃત ગ્રંથોનું અધ્યયન કરી તેનો પુનરોદ્ધાર કરવો.

પૂર્વના આપણા લોકો ઉદ્યોગી હતા એમ તેમના ગ્રંથો ઉપરથી જણાઇ આવે છે, પરન્તુ તેમનાં ચરિત્રો કોઇએ લખી રાખ્યાં નથી; અને જે થોડાક છૂટા છવાયા ચરિત્રો કે ઇતિહાસો મળે છે તે વિશ્વાસ પાત્ર નથી. તેમાં અતિશયોક્તિ અને અસંભાવનાથી ભરેલી વાતો ઉભરાઇ જાય છે. તેમજ એ ઉદ્યોગ વિશેનું દર રોજનું ચરિત્ર કેવા પ્રકારનું હતું, ક્યાં કાર્યોમાં કેવી અડચણોમાંથી તેઓ કેમ પસાર થતા હતા, એ સંબંધી વિશેષ કશી માહીતિ મળી શકતી નથી.

કાળના પડદા પાછળથી બોલતા સર્વ પુરુષો ઉદ્યોગી હતા.

જે જે પુરુષો નામાંકિત થઇ ગયા છે, જે જે નરવીરોનાં પગલાં કાળની રેતી પરથી ભૂસાયાં નથી, તેઓ સર્વ ઉદ્યોગી હતા. કોઇએ કવિ તરીકે નામના મેળવી છે, કોઇ ન્યાયશાસ્ત્રી તરીકે પંકાયા છે, તો કોઇ ધર્મપ્રવર્તક તરીકે અમર થયા છે. આ સર્વ પ્રસિદ્ધ પુરુષોનાં લક્ષ્ય જો કે ભિન્ન ભિન્ન છે તથાપિ એક વિષયમાં તેઓ સર્વ સમાન છે. તેઓ સર્વ ઉદ્યોગી હતા એ નિઃસંદેહ છે. ઉદ્યોગ સિવાય શ્રીની, ધીની કે કીર્તિની પ્રાપ્તિ થતી નથી. તેમજ ઉદ્યોગી પુરુષ ગમે તે જ્ઞાતિમાં ઉત્પન્ન થયો હોય કે ગમે તે ધર્મ પાળનાર હોય તથાપિ તે અવશ્ય પોતાના લક્ષ્યને પામે છે. આપણા દેશમાં જ્ઞાતિબંધનને લઇ મનુષ્ય જે જ્ઞાતિમાં જન્મે છે તેજ જ્ઞાતિનો ધંધો કરવાની ઘણે ભાગે તેને જરૂર પડે છે. અર્થાત્ મોચીને ઘેર જન્મનાર બાળકના પ્રારબ્ધમાં આખી જીંદગી સુધી મોચી તરીકે રહેવાનું સર્જાયલું હોય છે, હજામ હોય તેને જન્મભર અસ્ત્રા ચલાવ્યા વિના બીજો ઇલાજજ નથી રહેતો. આ જ્ઞાતિબંધનનો એક ગેરલાભ છે એમ કહેવામાં ખોટું નથી. કોઇ પ્રસંગે એવું જણાય છે કે હજામના છોકરાને પોતાના

આપીકા ધંધા કરતાં સુતારના ધંધા તરફ વધારે વલણ હોય છે, અને જો તેને એ ધંધામાં જોડયો હોય તો તે નિપુણ થવાનો સંભવ જણાય છે. પરન્તુ જ્ઞાતિબંધનને લીધે તેનાથી તે ધંધામાં પ્રવેશી શકાતું નથી. ઈંગ્રેજ સરકારના રાજ્યઅમલમાં જ્ઞાતિના આ બંધનોની સખ્તાઈ જો કે ઘણી નરમ થઈ ગઈ છે. હિંદુ રાજાઓના સમયમાં દક્ષિણમાં પેશ્વાઈના સમયમાં જ્ઞાતિબંધનો ઘણાંજ મજબૂત હતાં. અમુક માણસે તો અમુક પ્રકારેજ ધોતીઉં પહેરવું જોઈએ, પાઘડી તો આવીજ જોઈએ, તિલક આવું જ જોઈએ, એટલી હદ સુધી જ્ઞાતિનું સામ્રાજ્ય ચાલતું. આજે એ સર્વ બાબતો સાધારણ અગત્યની મનાવા લાગી છે. હવે લોકો પોતાના વ્યવહારમાં તેમજ ધર્મમાં કંઈક અંશે સ્વતંત્ર ઇચ્છાને માન આપવા લાગ્યા છે.

પચાસ વર્ષ પહેલાંના બ્રાહ્મણો ખેતીમાં અથવા શહેર હોય તો મહેતાજી કે કારકુનની નોકરીમાંજ પોતાનો મોભો જળવાયો માનતા; સુતાર કે લુહારના ધંધાને હલકો માની તેનો સ્પર્શ પણ કરતા નહિ. હવે તે જમાનો રહ્યો નથી. તે વખતમાં ઉદરનિર્વાહને માટે ચિંતા કરવાનું રહેતું નહિ, આજે ઉદરનિર્વાહની જ મારામારી ચાલી છે, અને પેટને માટે ગમે ત્યાં જવાની અને ગમે તેવા ધંધા કરવાની જરૂર પડે છે. વળી ઇંગ્રેજ સરકાર સર્વ જ્ઞાતિઓને સમાન ગણે છે, એટલે બ્રાહ્મણ વગેરે જાતિઓને હિંદુ રાજાઓના વખતમાં જે રાજ્ય તરફથી ધન મેળવવાનો અવકાશ મળતો તે હવે નથી રહ્યો. એટલે પ્રત્યેક મનુષ્યને પોતાના કુટુંબના નિર્વાહની ચિન્તા કરવી પડે છે અને તેને લીધે ગમે તે ધંધો કરવાની જરૂર પડે છે. ઇંગ્રેજી રાજ્યથી આપણા દેશનું આ એક હિત થયું છે એમ સમજવું જોઈએ. બ્રાહ્મણો પણ હવે પોતાના બાળકોને સુતાર અને લુહારના ધંધા શીખવવાના—સ્પિનીંગ અને વિવીંગ કે રંગારીની લાઇનમાં જોડવાના દાખલા બનવા લાગ્યા છે. અને એ ધંધામાં બ્રાહ્મણોના બાળકો પારંગત થઈ નામના કહાડે તેમાં પણ નવાઈ જેવું નથી. આપણા દેશમાં નામદાર શ્રી સયાજીરાવ ગાયકવાડની કૃપાથી કલાભવન અસ્તિત્વમાં આવ્યું છે. અમદા-

વાદમાં રણછોડલાલ છોટાલાલ ટેક્નીકલ ઇન્સ્ટીટ્યુટ, મુંબઇમાં વિક્ટોરીયા જ્યુબીલી ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ અને સર જમશેદજી જીજીભાઇ ઉદ્યોગ-શાળામાં દરેક કોમના વિદ્યાર્થીને દાખલ થવાનો સંપૂર્ણ અવકાશ છે. પૂનામાં એક કૌશલ્ય શિક્ષક મંડળીની સ્થાપના થઈ છે. તેની તરફથી શિવણને માટે એક વર્ગ ઉઘાડવામાં આવ્યો છે. જેનો લાભ બ્રાહ્મણો પણ લે છે.

આપણા દેશમાં આ રીતે જ્યારે ધંધાને માટે–ઉદ્યોગને માટે લજ્જા અને જ્ઞાતિમાર્યાદાનો ત્યાગ કરવામાં આવશે, સર્વ પ્રકારના ઉદ્યોગો સન્માન-ને પાત્ર ગણાશે, અને સર્વ ઉદ્યોગોમાં ઉદ્યોગી નેતાઓની ગણના દેશના ઉદ્ધારકોમાં થશે, ત્યારે જ આપણો દરિદ્રી દેશ ઉદય પામશે. ઇંગ્લંડ અને યુરોપના બીજા દેશોમાં સર્વ કોઇને ગમે તે પ્રકારનો ધંધો કરવાની છૂટ હોવાથી નિકૃષ્ટ પાયરીમાંથી નામાંકિત થવા પામેલા અનેક મહા પુરુષોનાં ઉદાહરણો મળી આવે છે. આવા નામાંકિત થએલા પુરુષો બે પાંચ કે પચીશ પચાશ નહિ પણ હજારો છે. અત્રે આપણે ઉદાહરણની ખાતર થોડાંક એવાં ચરિત્રોનું નિરીક્ષણ કરીશું.

ઇંગ્લંડના ઉદ્ધારકો.

પ્રેટબ્રીટનમાં મીલનો ઉદ્યોગ શરૂ કરનાર પ્રસિદ્ધ સર રીચર્ડ આર્ક-રાઇટ હજામ હતો. તેમજ મુખ્ય ન્યાયાધીશ લોર્ડ ટેંડરટન પણ એજ જાતિમાં જન્મ્યો હતો. શેક્સપીયર કયા વર્ગમાંનો હતો એ પ્રશ્ન જો કે હજુ સુધી વિવાદગ્રસ્ત છે, તથાપિ તે છેક ગરીબ સ્થિતિમાંથી ઉન્નતિ પામ્યો હતો. કોઈ કહે છે કે એ નાટકમાં આવનાર ગૃહસ્થોના ઘોડાની લગામ ઝાલી રાખવાનું કામ કરતો હતો. વળી કોઇ એમ કહે છે કે તે ઘોડાના વાળ સાફ કરતો હતો. તેનો જન્મ ગમે તે જ્ઞાતિમાં થયો હોય, અપ્રસિદ્ધ અવસ્થામાં તેનો ધંધો ગમે તે હોય, પણ વ્યવહાર અને મનુષ્ય-સ્વભાવનું તેણે પાકું નિરીક્ષણ કર્યું હતું. સર્વ જાતિ અને વિવિધ સ્વભાવના લોકોની તે ઝીણી ઝીણી સર્વ માહિતી ધરાવતો હતો, અને તેને માટે તેને ઉદ્યોગ પણ પુષ્કળ કરવો પડ્યો હશે.

પ્રસિદ્ધ એન્જીનીયર બ્રિંડલી, પૃથ્વિની પ્રદક્ષિણા કરનાર કુક અને સુપ્રસિદ્ધ કવિ બર્ન્સ શરૂઆતમાં મજુરીનું કામ કરતા હતા, તેમણે પોતાના પ્રયત્ન અને ઉદ્યોગથીજ ઉન્નત દશા કરી હતી. કવિ બેન જોન્સન, એન્જીનીયરો એડવર્ડસ અને ટેલફર્ડ, ભૂગર્ભશાસ્ત્રવેત્તા મિલર, અને પુતળાં બનાવનાર એલન કનીંગહામ એ પત્થર ઘડનારાના ધંધામાંથી ઉન્નતિ પામી ઉપરોક્ત સ્થિતિને પ્રાપ્ત થયા હતા. નકશાનું કામ કરનાર સુપ્રસિદ્ધ ઇનીગો જોન્સ, પ્રાણીગુણમીમાંસક જોન હંટર, ચિત્રકાર રોમની અને ઓપી, પૂર્વ દેશો (એશીયા) ની ભાષાઓના પ્રખર વિદ્વાન્ પ્રોફેસર લી અને પુતળાં બનાવનાર ગિબ્સન એ સર્વ ઉદ્યોગવીરો સુતારની જાતિમાંથી ઉત્પન્ન થયા હતા. ગણિતશાસ્ત્રી સીમ્પસન ને આફ્રિકાના જંગલી ભાગોમાં પ્રવાસ કરનાર જોન ફોસ્ટર લીવીંગ્સ્ટન વણકરોમાંથી થયા હતા. મોચીઓ અથવા ફાટેલા જોડા સાંધનારામાંથી પણ અનેક નરરત્નો ઉત્પન્ન થયા છે. તે પૈકી સર કલાઉડસ્લી શોવેલ બ્રીટીશ નૌકાના મુખ્ય અધિકારી તરીકે, સેમ્યુઅલ ડ્રુથ એક નિબંધકાર તરીકે, ગિફર્ડ ' ક્વાટર્લી રીવ્યુ ' (ત્રૈમાસિક પુસ્તક) ના તંત્રી તરીકે અને બ્લુમફીલ્ડ કવિ તરીકે પ્રસિદ્ધી પામ્યા છે. કસાઇના નીચ ધંધામાંથી પણ મહા પુરુષોને સ્થાને બીરાજનાર વીર નરો થયા છે. આઠમા હેન્રીનો પ્રધાન કાર્ડીનલ વુલસી, 'રોબીન્સન ક્રુઝો' એ જાણીતા ગ્રંથનો કર્ત્તા ડિફો, કવિ તરીકે પ્રસિદ્ધ કર્ક વાઇટ એ સર્વ પહેલાં ખાટકીનો ધંધો કરતા હતા. એજ પ્રમાણે બીજા સામાન્ય વર્ગમાંથી પણ ઉન્નતિ પામનારા પુરુષોના દાખલા ઇંગ્લંડના ઉદ્યોગના ઇતિહાસમાંથી જેટલા જોઇએ તેટલા મળે છે. ઇંગ્લંડના લોકો આવી સ્થિતિને અભિમાનનું કારણ સમજે છે. તેઓ સઘળા સમાન છે, અથવા સર્વ સમાન ઉન્નતિ કરી એકજ પંક્તિમાં બેસી શકે છે એમ નથી. તેઓ પોતાની સ્થિતિમાં રહી આનંદ અને ઉત્સાહથી આગળ વધવાને પ્રયત્નવાન રહે છે. ઉન્નતિને માટે પ્રાપ્ત થયેલો અવકાશ તેઓ વ્યર્થ જવા દેતા નથી. આપણે ઘણા લોકોને એમ કહેતાં સાંભળીએ છીએ કે અમને અવકાશ કે અનુકૂળતા નથી મળતી. પરંતુ એ કહેવું આળસુના ઉદ્ગારરૂપ છે. કુદરત દરેક મનુષ્યને એક વાર જરૂર તેની

ઉન્નતિને માટે અવકાશ આપે છે. એ અવકાશનો સદુપયોગ કરવો કિંવા તેને વ્યર્થ જવા દેવો, એ તેની પોતાની મુખત્યારીની વાત છે.

સાંપ્રતકાળમાં પણ ઈંગ્લંડની ઉન્નતિ એવા મહાપુરુષોથી થાય છે. આવા પોતાના પ્રયત્નથી ઉન્નત થયેલા પુરુષો ઈંગ્લંડમાં ઘણા થયા છે અને હમણાં પણ થાય છે. ઈંગ્લંડના મહાપુરુષોનાં ચરિત્રોમાંથી એક બીજી ખાસ બાબત એ જણાય છે કે તેઓ નાનપણથી જ ઘણેભાગે દુઃખમાં ઉછરેલા હોય છે. હાઉસ ઑફ કૉમન્સ (આમની સભા) જે પાર્લામેન્ટનો પ્રજા તરફથી પસંદ થયેલો વર્ગ છે, ત્યાંસુધી પૈસો અને લાગવગનો ઉપયોગ થાય છે ખરો, પણ પોતાના પ્રયત્ન ઉપર આધાર રાખનારા પુરુષો પણ એ સંસ્થામાં દાખલ થવા જેટલી ઉન્નતિ કરી શકે છે અને એવા સભાસદો એ સભામાં વિશેષ દીપી નીકળે છે તથા આદરને પાત્ર થાય છે. એક વાર ઉપરોક્ત સભામાં મીલ મજુરોના કામના સમય સંબંધના એક ખરડા ઉપર વિવેચન થયું હતું. જોસફ બ્રધરટન નામના એક સભાસદે ઉભા થઇ પોતેજ મીલમાં મજુર તરીકે કામ કરતો હતો તે વખતે મજુરોનાં સંકટો તેના જોવામાં આવેલાં તેનું વર્ણન કરવા માંડયું. તેણે કહ્યું કે, " હું પોતે જ્યારે એક મીલમજુરની સ્થિતિમાં હતો ત્યારે મેં એવો નિશ્ચય કર્યો હતો કે જો ગરીબોની–એ મજુરોની સ્થિતિ સુધારવાનો મને અવકાશ પ્રાપ્ત થાય તો હું તેમની ઉન્નતિ માટે અંતઃકરણપૂર્વક પ્રયત્ન કરીશ." મી. બ્રધરટનનું ભાષણ સમાપ્ત થતાં તરતજ સર જેમ્સ ગ્રાહ્મ નામના ગૃહસ્થે ઉભા થઇ કહ્યું કે, " આ નામદાર ગૃહસ્થ છેક ગરીબ સ્થિતિમાંથી આટલે દરજ્જે પોતાની ઉન્નતિ કરી શક્યા છે એ હું આજ દિવસ પર્યન્ત જાણતો જ નહોતો. એક મીલમજુરને આપણી સાથે સમાનતાના હકથી બેઠેલા જોઇ આજે મને જે આનંદ થાય છે તેવો આનંદ મને કોઇવાર થયો નથી. " આ ભાષણને સર્વ સભાસદોએ તાળીઓના ગગડાટથી વધાવી લઇ મી. બ્રધરટનને માન આપ્યું હતું.

બીજા એક સભાસદે એક વાર એમ કહ્યું હતું કે, "મારા બાળપણમાં હું એક વણકરની પાસે કામ કરતો હતો." આવા અનેક સભાસદો એ લોકમાન્ય સભામાં બિરાજે છે. મી. લિંડસે નામના પાર્લામેન્ટના એક સભાસદે પોતાનું ચરિત્ર લખ્યું છે, તેમાં તે જણાવે છે કે, ચૌદમે વર્ષે તેનાં માબાપ સ્વર્ગવાસી થયાં અને પોતે નિરાધાર જેવો ભટકવા લાગ્યો. પોતાના ગુજરાનને માટે તેને ચિન્તા ઉત્પન્ન થઇ. તે ગ્લાસગોથી લીવરપુલ જવા નીકળ્યો ત્યારે તેની પાસે માત્ર સવા બે રૂપીઆ (ત્રણ શીલીંગ) હતા. તે એટલો ગરીબ દેખાતો હતો કે આગબોટના કપ્તાનને તેની દયા આવી, ને તેણે કહ્યું, "જો કોલસાનું કામ કરવાને તું ખુશી હોય તો હું તને આગબોટનું ભાડું આપીશ." તેમ કરવા તે કબુલ થયો, અને એ રીતે ભાડું મેળવ્યું. આગબોટ પરના એક કામદારે તેને કંઇક ખાવાનું આપ્યું. તે કહે છે કે, "એ ભોજનમાં મને જે મીઠાશ જણાઇ હતી તેવી મીઠાશ ત્યારપછી કોઇપણ ભોજનમાં મને જણાઇ નથી, કારણ કે તે મારા ઉદ્યોગનું ફળ હતું." લીવરપુલમાં પોણા બે માસ જેટલો સમય તેને નકામો વ્યતીત કરવો પડયો. એક રસ્તાની બાજુએ સુઇ રહેવું પડતું, અને સવા બે રૂપીઆનો વિચાર કરી ગુજરાન ચલાવવું પડતું. છેવટે વેસ્ટ ઈંડીઝ બેટો તરફ જતા એક વહાણમાં તેને એક હલકી નોકરી મળી. આવી સ્થિતિમાં ઉદ્યોગ કરી ઓગણીશ વર્ષની ઉંમરે તે એક વહાણનો માલીક થયો. ત્રેવીશમે વર્ષે તેણે એ ધંધાનો ત્યાગ કર્યો. એ દિવસ પછી તેની ઉન્નતિ એકદમ થવા લાગી. તેની કીર્તિ અને લક્ષ્મીમાં વૃદ્ધિ થવા લાગી, અને છેવટે લોકસભાના સભાસદ તરીકેનું માન મળ્યું.

* * * *

ઇંગ્લંડમાં આવા ઉદ્યોગી વીર પુરુષો સર્વ જ્ઞાતિઓ—સર્વ વર્ગોમાંથી ઉત્પન્ન થયા છે. અતિઉચ્ચ અને મધ્યમ સ્થિતિમાંથીજ શાસ્ત્ર, કલાકૌશલ્ય, વ્યાપાર વગેરેને સમૃદ્ધ કરનારા પુરુષો ઉત્પન્ન થયા છે એમ નથી. સર આઇઝેક ન્યૂટનની ગણના ઇંગ્લંડના ઉત્તમ તત્ત્વજ્ઞોમાં થાય છે. તેનો પિતા લિંકન પ્રાન્તમાં ખેતીના ધંધાથી ગુજરાન ચલાવતો હતો. વાર્ષિક ઉત્પત્તિ તેને

માત્ર ૩૦૦ રૂપીઆ થતી. ધર્મોપદેશકની સાધારણ કામગીરી કરનારા બાળકોએ પણ ઈંગ્લંડના ઇતિહાસમાં નોંધવા લાયક કાર્યો કરી અક્ષય કીર્તિ સંપાદન કરી છે. ડ્રેક અને નેલ્સનનાં નામો ઈંગ્લંડના નૌકાસૈન્ય સાથે હમેશાં જોડાએલાં રહેશે. યંગ, લિંકર અને બેલ એમણે શાસ્ત્રના અધ્યયનમાં અપૂર્વ કીર્તિ પ્રાપ્ત કરી છે. રેન, રેનોલ્ડસ, વિલ્કી અને વિલસન, એ કળાનિપૂણ તરીકે ઉન્નતિ પામ્યા છે. એડીસન, ગોલ્ડસ્મીથ, ટોમસન, કોલરીજ અને ટેનિસન કવિઓ તરીકે જગજાહેર છે. તેમજ હિંદુસ્તાનમાં નામાંકિત થયેલા પ્રથમના લૉર્ડ હાર્ડિન્ગ, કર્નલ એડવર્ડસ અને મેજર હડસન એ સર્વ સાધારણ ધર્મોપદેશકોના બાળકો હતા. હિંદુસ્તાનમાં બ્રિટીશ સામ્રાજ્યની સ્થાપના કરનારા કલાઇવ અને વૉર્ન હેસ્ટીંગ્સ પણ પહેલાં છેક સાધારણ સ્થિતિમાં હતા. પોતાના પરિશ્રમથી જ તેઓ આટલી ઉન્નતિ કરી શક્યા હતા.

*　*　*　*　*

સાધારણ વકીલોના પુત્રો હોઇ ઉન્નતિના શિખર પર ચઢનારામાં પ્રસિદ્ધ વક્તા એડમંડ બર્ક, સર વૉલ્ટર સ્કૉટ અને મહા કવિ વર્ડસવર્થનાં નામો જાણીતાં છે. સર વિલિયમ બ્લાકસ્ટન જેણે ઇંગ્લંડના કાયદા ઉપર ટીકા લખી છે તે એક રેશમના કારખાનામાં કામ કરનાર સાધારણ કામદારનો પુત્ર હતો. નિનીવ્હ નામના પ્રાચીન નગરમાં ઐતિહાસિક સ્થળો શોધવા માટે વિખ્યાત થયેલો લેયાર્ડ પહેલાં એક વકીલનો કારકુન હતો. કવિ મિલ્ટન એક સરાફનો પુત્ર તથા સાઉથી અને પોપ સાધારણ કાપડના ફેરીયાના પુત્રો હતા. લૉર્ડ મેકોલે આફ્રિકાના એક સાધારણ વેપારીનો પુત્ર હતો. સર હમ્ફ્રે ડેવી એક ડૉક્ટરના હાથ નીચે કમ્પાઉન્ડરનું કામ કરતો હતો. તેણે પોતાના એક ભાષણમાં કહ્યું હતું કે, 'હું જે છું તે મારા પોતાના ઉદ્યોગથી જ થયો છું. હું આ વાક્ય ગર્વથી નહિ પણ ખરી નિષ્કપટ બુદ્ધિથી કહું છું.'

લક્ષ્મી ઉદ્યોગીને જ વરે છે.

આવાં અનેક ઉદાહરણો આપી શકાશે. એ સર્વ આપણને એકજ વાત કહે છે કે, જો આપણે ઉન્નતિની ઇચ્છા કરતા હોઇએ, જો આપણે

કીર્તિની ઇચ્છા રાખતા હોઇએ, તો આપણે પોતાના ઉદ્યોગ પર આધાર રાખવો જોઇએ. આળસુ ને બેદરકાર મનુષ્ય કોઈ પણ કામમાં યશ કે નિપૂણતા મેળવી શકતો નથી. વિદ્યાધન હો કે વ્યવહારધન હો પણ તે મેળવવાનો એકજ ઉપાય છે અને તે માનસિક તથા શારીરિક ઉદ્યોગ છે. ગર્ભશ્રીમન્ત જન્મ્યા છતાં કીર્તિનો અને વ્યવહારમાં યશનો આધાર તો પોતાના પરાક્રમ ઉપર જ રહે છે. વ્યવહારમાં ધનથી કામકાજ થઈ શકે છે, પણ ધન આપવાથી વિદ્યા પ્રાપ્ત કરી શકાતી નથી. વિદ્યાધન પ્રાપ્ત કરવા માટે તો જાતે પરિશ્રમ કરવો જ જોઇએ. વિદ્યાધન મેળવવામાં તો ગરીબ અને શ્રીમન્તની સ્થિતિ સમાન છે.

જે વિદ્યા અને અનુભવથી મનુષ્ય શાણો થઈ શકે છે, તે અન્યના પરિશ્રમનું ફળ હોઈ શકે નહિ. જેમ બી વાવ્યા સિવાય વૃક્ષ થતું નથી, તેમજ માનસિક શ્રમ કર્યા વિના શાણપણ પ્રાપ્ત થતું નથી. એક સંભાવિત કામદારને તેના એક મૂર્ખ ભાઇએ કહ્યું કે, "તું જેવો સંભાવિત અને પ્રતિષ્ઠિત છે તેવો મને પણ કર!" તે શાણા કામદારે કહ્યું, "ભાઇ, તને ધન જોઇએ તો આપી શકું, તને કોઈ કામમાં મારી સહાયતા જોઇએ તો હું તે કરી શકું, પણ તને સંભાવિત અને પ્રતિષ્ઠિત કરવાનું કામ મારી શક્તિની બહાર છે. આમ તો મને જણાય છે કે જેવો તું કાલે હતો તેવો આજે છે, અને આજે છે તેવો જ ભવિષ્યમાં રહીશ."

માત્ર ધન સુખનું સાધન નથી.

મનુષ્યના મનને સંસ્કારી અને સુશિક્ષીત કરવામાં ધન જરૂરી સાધન છે એ માન્યતા ભૂલભરેલી છે. જો ધન જ ઉન્નતિનું કારણ હોય તો ઉપર કહેલા અનેક મહાપુરુષો, જેઓ છેક હલકી સ્થિતિમાંથી ઉન્નતિના શિખરે પહોંચ્યા છે, તે પહોંચત નહિ. મનુષ્ય સુખમાં ઉછરેલ હોય, તેની દરેક ઇચ્છા તૃપ્ત કરવા પૂરતું તેની પાસે ધન હોય, અને તેમાં જ તે સંતોષ માને તો પરિણામ એ આવે છે કે તે નિરૂદ્યોગી થાય છે, અને જરા સંકટ આવી પડતાં તેમાંથી મુક્ત કેમ થવું એ તેને સુઝતું નથી. સંસારમાં

આપણે જે કંઈ કામ હાથમાં લઈએ, તે કામ કરવા આપણે સમર્થ છીએ એવો વિશ્વાસ આપણા અંતરમાં હોવો જોઈએ જે ધનથી પ્રાપ્ત થવો અસંભવિત છે. દરિદ્રતા એટલે દુઃખની સીમા એમ કેટલાકોની માન્યતા છે. આ કથન જોકે સર્વથા અવાસ્તવિક નથી, તથાપિ પોતાના પ્રયત્નથી અને પોતા ઉપર વિશ્વાસ રાખવાથી મનુષ્ય યથેચ્છ સુખ પ્રાપ્ત કરી શકે છે. દરિદ્રતાને લીધે મનુષ્ય ઉપર અનેક સંકટો આવી પડે છે; અને ઘણા લોકો મોહવશ થઈ અનાચારનો માર્ગ ગ્રહણ કરે છે; પણ જેઓ સજ્જન છે તેઓ મોહને વશ ન થતાં દરિદ્રતાનાં દુઃખ આનંદથી ભોગવે છે. તેઓ પોતાની શક્તિ ઉપર આધાર રાખી વિઘ્નોનો નાશ કરી છેવટે વિજય પ્રાપ્ત કરે છે. લોર્ડ બેકનનું નામ પ્રસિદ્ધ છે. તેણે એક ઠેકાણે કહ્યું છે, કે "ધન અને પોતાની પ્રયત્નશક્તિમાં કેટલો ભેદ છે એ થોડા જ મનુષ્યો સમજી શકે છે. લોકો ધનને જ વધારે કિંમતી માને છે, અને ધનની અપેક્ષામાં આત્માવલંબનની યોગ્યતા ઓછી માને છે. પણ આત્માવલંબન અને આત્મસંયમનથી મનુષ્ય પોતાનું ગુજરાન—પોતાની આજીવિકા સારી પેઠે ચલાવવા જેટલું જ્ઞાન મેળવી શકે છે, અને પોતાને સોંપાયલી વસ્તુનો તે સારો વિનિયોગ કરી શકે છે."

ધનવાનોની જોખમદારી.

સંપત્તિ થતાં સ્વાભાવિક રીતે જ મનુષ્યનું મન એશઆરામ તરફ વળે છે, કારણ કે સ્વભાવતઃ ઉદ્યોગ તરફ પ્રેમ થોડા મનુષ્યોને જ હોય છે. શ્રીમાન્ છતાં જે લોકકલ્યાણના ઉદ્દેશથી ઉદ્યોગમાં મચ્યા રહેવાનું પસંદ કરે છે તેઓ હજારો હજાર ધન્યવાદને પાત્ર છે. આપણા દેશમાં શ્રીમંત વર્ગ ઉદ્યોગ કરવામાં વિશેષ કાયર છે. રાજા રજવાડા, અમીર ઉમરાવો અને કહેવાના મોટા લોકોનું દૈનિક વર્તન, સમયનો ઉપયોગ કરવાની રીત, કેટલી નિંદાને પાત્ર છે તે આપણા પૈકી ઘણાઓને વિદીત હશે. તેમનો ઘણોખરો વખત, ગામગપાટા, નિદ્રા, કજીયા કે દુર્વ્યસનમાં જાય છે. જેમના ઉપર દેશના કલ્યાણનો આધાર છે તે ધનવાન વર્ગ ક્યારે ઉદ્યોગી થશે એ તો પરમાત્મા જાણે! આ પ્રશ્નના સંબંધમાં કેટલાકો

એવી દલીલ કરે છે કે જો ધનવાન અને મોટા લોકો ઉદ્યોગ કરવા માંડશે તો ગરીબ વર્ગને માટે ઉદ્યોગ ક્યાં રહેશે? આ પ્રશ્ન બરાબર હશે, પરન્તુ આળસ અને દુર્વ્યસનમાં પડી રહેનાર પોતાનું જ અહિત કરે છે એ વાત ભૂલવા જેવી નથી. ધનવાન અને ગર્ભશ્રીમાનને પોતાના માટે પરમાત્માએ સંપૂર્ણ આપ્યું છે, તથાપિ પોતાના આત્મકલ્યાણને માટે તેમજ અન્ય લોકોને માટે અનેક કાર્યો કરવાનાં છે, જેમાં તેમણે પોતાનો હિસ્સો આપવો જોઇએ. તેમણે યુરોપના ધનવાનોનો દાખલો લેવો જોઇએ. યુરોપના ઘણા મોટા ખાનદાન લોકો લડાઇમાં પાયદળ લશ્કરી તરીકે કામગીરી બજાવે છે. પોતાના દેશને માટે વાઇસરૉય જેવા લોકોના પુત્રોએ પણ પરદેશોમાં યુદ્ધમાં ઉતરવામાં હીણપદ જેવું જોયું નથી. જેમણે હિંદુસ્તાનનો ઇતિહાસ વાંચ્યોહશે તેઓ એ પ્રકારનાં પુષ્કળ ઉદાહરણો જોઇ શકશે. લૉર્ડ મોર્નિંગ્ટન, અર્લ મોયરા વગેરે ગવર્નર જનરલો ઉપરોક્ત કથનના પ્રમાણ છે. ઇંગ્લંડાદિ દેશોમાં ધનવાન વર્ગના લોકો માત્ર શૂરવીર થાય છે, એટલુંજ નહિ, પણ તેમાંના ઘણાક મોટા શાસ્ત્રવિદો થયાછે. લૉર્ડ બેકન એક રાજમંત્રીનો પુત્ર હતો. તેણે જ પ્રથમ યુરોપને દર્શાવ્યું કે જ્ઞાનનો પાયો અનુભવ છે. યુરોપના પૂર્વના તત્ત્વવેત્તાઓ પણ આપણા લોકોની પેઠે જુનાં પુરાણાં શાસ્ત્રો પર શ્રદ્ધા રાખી નિરૂદ્યોગી બેસી રહેનારા નહોતા. લૉર્ડ બેકને કહ્યું છે કે, પ્રાચીન ગ્રન્થો ને પૂર્વના ગ્રન્થકારોનું કથન સત્ય છે કે કેમ તેની ખાત્રી કરવાની જરૂર છે. ખાત્રી એ જ શાસ્ત્રસુધારણાની મૂળ ભાવના છે. ખાત્રી કરવાથી જ પુરાણાં શાસ્ત્રોમાં સુધારો અને ઉન્નતિ થશે. લૉર્ડ બેકનનું આ કથન ત્યાર પછી તત્ત્વજ્ઞાનની સૃષ્ટિમાં સર્વમાન્ય થઇ ગયું છે. લૉર્ડ બેકનની પેઠે અમીર કુટુંબોમાંથી બીજા પણ એવા અનેક તત્ત્વજ્ઞાનીઓ ઉત્પન્ન થયા છે. રૉસ નામના એક સરદારે યંત્રશાસ્ત્ર સંબંધી ઘણી શોધખોળ કરી છે. તેણે એક વિલક્ષણ દૂરદર્શક યંત્રની શોધ કરી પોતાનું નામ અમર કર્યું છે. લુહારકામ સંબંધી એક કારખાનાવાળા સાથે વાત કરતાં કરતાં તેણે એટલી બુદ્ધિમત્તા દર્શાવી હતી કે તે કારખાનાવાળાએ પોતાને ત્યાં તેને મુખ્ય કામદાર થવાની ઇચ્છા દેખાડી. અર્થાત્ એક સરદાર કે અમીરને માટે લુહાર જેવું હલકું કામ પણ હીણપ લગાડનારૂં ગણાતું નથી.

કાવ્ય અને રાજનીતિના ગ્રન્થો લખનારા તરીકે ઈંગ્લંડના અમીર લોકોમાંથી અનેક નામો આપી શકાશે. આ બેઉ પ્રકારના વ્યવસાયોમાં ઉદ્યોગ અને અભ્યાસની અત્યન્ત જરૂર છે. પાર્લામેન્ટમાં લીબરલ અને કોન્ઝરવેટીવ—વીગ અને ટોરી—નામના બે પક્ષો ઘણા વખતથી ચાલતા આવે છે, આમાંનો એક પુરાતનવાદી—કોન્ઝરવેટીવ અને બીજો સુધારાનો હીમાયતી હોય છે. આ પક્ષોમાં કોઇમાં પણ નાયકપદ્વી મેળવવી એ કાર્ય અત્યન્ત કઠીન છે. સર્વ પ્રજાનું લક્ષ પોતા તરફ ખેંચવું, પોતાની આંટ જમાવવી અને પોતે દેશકલ્યાણનું મુસ્કેલ કાર્ય કરવા સમર્થ છે એવું પોતાના વિચાર, વર્તન અને દૂરઅંદેશીથી સિદ્ધ કરી બતાવવું એ કામ સહેલું નથી. પામર્સ્ટન, ડર્બી, રસેલ, ડિઝરાયલી, ગ્લેડસન, બુલવર ઇત્યાદિને એ નાયકપદ મેળવવામાં કેટલી મુસ્કેલીઓ નડી હશે, કેટલો પરિશ્રમ વેઠવો પડ્યો હશે, એ સમજવું પણ મુસ્કેલ છે. ઈંગ્લંડમાં મજુરોને માટે એવો કાયદો કરવામાં આવ્યો છે કે દશ કલાકથી વિશેષ કામ તેમણે ન કરવું; પરન્તુ ઉપરોક્ત મહાપુરુષોને આ મજુરોના કાયદાનો પણ લાભ મળતો નથી! કોઇવાર તેમને અઢાર વીસ કલાક સતત કામ કરવાની જરૂર પડે છે. કોઈવાર તો નિદ્રા લેવાનો વખત પણ તેમને નથી મળતો. આપણા લોકમાન્ય ગોપાળ કૃષ્ણ ગોખલેને કેટલેક પ્રસંગે સતત ચોવીસ ચોવીસ કલાક કામ કરવું પડતું; અને દેશના હિતની ખાતર સખત કામ કરવામાં જ તેમણે પોતાનો દેહ કાળને સોંપ્યો હતો. પ્રયત્નવીર તરીકે સર રોબર્ટ પીલનો દાખલો ઈંગ્લંડના જનસમાજમાં પ્રસિદ્ધ છે. તેની બુદ્ધિ સાધારણ હતી, સંજોગો પણ તેવાજ હતા. છતાં તેમાંથી ઉન્નતિ કરતાં કરતાં તે પાર્લામેન્ટ સુધી પહોંચી એ સભામાં સભાસદ તરીકે ચાળીશ વર્ષ સુધી રહ્યા હતા. એ અરસામાં એમણે જે પરિશ્રમ કર્યો છે તે વર્ણ-નીય છે. જે કામ પીલ હાથમાં લે તે સંપૂર્ણ અને સુંદર થવુંજ જોઇએ એવી લોકોને શ્રદ્ધાજ થઇ ગઇ હતી. કોઈ પણ પ્રસંગે ભાષણ કરવાનો અવકાશ પ્રાપ્ત થાય તો જે વિષય ઉપર ભાષણ કરવાનું હોય તે સંબંધી દરેકે દરેક લખાણ પોતે જોઇ જતા, અને તે સંબંધી બીજાનું કહેવું

સાંભળી લેતા. ત્યાર પછી પોતાના મનથી વિચાર કરી લોકો સમજી શકે એવી સ્પષ્ટ અને સુંદર યોજના કરવી એ એમનો સ્વભાવ હતો. માત્ર ભાષણમાં જ એમની બુદ્ધિ દીપી નીકળી હતી તેમ નથી, વ્યવહારમાં પણ તે અત્યન્ત બુદ્ધિશાળી હતા. તે વૃદ્ધ થયા ત્યાં સુધી સતત પ્રયત્ન કરતા. પોતાનો મત જ ખરો અને બાકી સર્વ હમ્બગ એમ કોઇ વાર પણ પીલના ચરિત્રમાં જણાયું નથી. સામાનો અભિપ્રાય ખરો હોય તો ખુશીની સાથે પોતાની ભૂલ તે સ્વીકારતા હતા. **बालादपि सुभाषितं ग्राह्यम्** । અર્થાત્ બાળક પાસેથી પણ શીખવાનું મળતું હોય તો અવશ્ય શીખવું, એ સૂત્ર પ્રમાણે જ પીલે પોતાનું વર્તન રાખ્યું હતું.

લૉર્ડ બ્રુમના ચરિત્ર તરફ જોઇએ તો ઉદ્યોગની પરાકાષ્ટા જ જણાય છે. તેણે લોકકલ્યાણના કામમાં સાઠ વર્ષ વ્યતિત કર્યાં. એ અરસામાં મહેનત કરવા ઉપરાંત બીજા અનેક વિષયોનો અભ્યાસ કરી તેમાં પણ પ્રવીણતા મેળવી. કાવ્ય, નીતિ, તત્ત્વજ્ઞાન, ઇત્યાદિ ગંભીર વિષયો તેને અવગત હતા. તે એટલા વિષયોના અભ્યાસી અને અનુભવાર્થી હતા કે કેટલાકને તો આશ્ચર્ય થતું કે આ વિષયોનો તેમણે કેવી રીતે અભ્યાસ કર્યો હશે. તે એક પળ પણ વ્યર્થ જવા દેતા નહિ. તેમની શરીરપ્રકૃતિ પણ સારી ન હતી. તથાપિ, સામાન્ય અને મોટા લોકો પણ જે ઉંમરે સુખે રહેવા—આરામ લેવા વિચાર કરે છે તેવી મોટી ઉંમરે તેમણે પ્રકાશતત્ત્વ સંબંધી અનેક નવીન શોધો કરી જનસમાજને પોતાના જ્ઞાનનો લાભ આપ્યો હતો. બ્રુમે અનેક વિષયોનો અભ્યાસ કર્યો હતો, પણ તે દરેકમાં પ્રવીણતા મેળવવી એ તેમની ઇચ્છા હતી, અને તે તેમણે પૂરી કરી હતી. સર બુલવર લીટનનું ચરિત્ર પણ એક આદર્શ ઉદ્યોગી પુરુષના જેવું છે. તેમની નવલકથાઓ, કાવ્યો, નાટકો, ઇતિહાસ તથા અનેક નિબંધો આજે જગપ્રસિદ્ધ છે. એમની વક્તૃત્વશક્તિ પણ અનુપમ હતી. આ સર્વમાં તેમને કેટલો પરિશ્રમ કરવો પડતો હશે એ સમજવું જ મુસ્કેલ છે. પરંતુ તેમ છતાં પણ રાજ્યકાર્યને માટે તે વખત બચાવી શકતા હતા. એમના જેટલા ગ્રન્થો કોઇક જ

ગ્રન્થકારે લખ્યા હશે, અને કદાચ કોઇએ લખ્યા હોય, તથાપિ લીટન જેવા ગહન વિષયના તો નહિ. લૉર્ડ લીટન એક ધનવાન અમીરના પુત્ર હતા. તે જો જરા પણ ઉદ્યોગ ન કરત તોપણ એશઆરામમાં રહી શકત. યુરોપના ધનવાન લોકો ઉદ્યોગ કરે છે; પણ તે એક જ પ્રકારનો કરે છે એમ નથી. વ્યાયામ કરવો, નાટકો જોવાં, પાર્લામેન્ટમાં હાજરી આપવી, વર્તમાન પત્રો વાંચવાં, પોતાની જાગીરની દેખરેખ રાખવી, યુરોપ કે જગતમાં પ્રવાસ કરવો, વગેરે વ્યવસાયોનો તેમના ઉદ્યોગમાં સમાવેશ થાય છે. બુલવરને આ સર્વ ઉદ્યોગના કરતાં સાહિત્યસેવામાં પોતાની બુદ્ધિનો સદુપયોગ કરવાનું વિશેષ યોગ્ય લાગ્યું. તેમણે ગ્રન્થકારનો વ્યવસાય હાથ ધર્યો. પ્રથમ એ પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં, પણ તે જોઇએ તેવું ધ્યાન ખેંચી શક્યાં નહિ. લીટને પોતાનો પ્રયત્ન ચાલુ રાખ્યો અને પરિણામે તેમને યશ મળ્યો.

આ નાનો લેખ સમાપ્ત કરતાં પહેલાં બીજો એક દાખલો પણ ટાંકવા જેવો છે. મહારાણી વિક્ટોરીયાના પ્રધાન ડિઝરાયલી જ્યારે પાર્લામેન્ટમાં દાખલ થયા અને તેમણે પ્રથમ ભાષણ કર્યું ત્યારે બીજા સભાસદો તેમના ઉપર હાસ્ય કરવા લાગ્યા હતા. તેમણે કહ્યું હતું કે, “આમ નિરાશ થવાનો મને આગળ પણ ઘણી વાર અનુભવ થયો છે. તમે આજે મારા ભાષણ ઉપર હાસ્ય કરો છો, પણ એવો સમય જરૂર આવશે કે જ્યારે તમે મુખમાં આંગળી રાખી ધ્યાનપૂર્વક મારૂં ભાષણ સાંભળશો.” અને એવો વખત આવ્યો પણ ખરો. આ સિદ્ધિ એક બે દિવસમાં થતી નથી. ફૂલોની શય્યામાં સુનાર—મોજમજામાં આનંદ પામનારને કીર્તિ કદી વરતી નથી.

ઈંગ્રેજો ઉદ્યોગથી જ આગળ વધ્યા છે.

એકંદરે જોતાં ઈંગ્રેજ લોકોમાં સ્વતંત્રતાની ઇચ્છા, સંકટ પ્રસંગે ધીરજ ધરવાનો ગુણ, આત્મશ્રદ્ધા અને પ્રસંગ આવ્યે પાછી પાની ન કરવી વગેરે ગુણો વિશેષ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે. ઇ. સ. ૧૮૫૭ માં ઉત્તર હિંદુસ્તાનમાં બળવો થયો ત્યારે ઈંગ્રેજોની સંખ્યા કેટલી નાની હતી? તથાપિ

તેઓ હાર્યા નહિ, નાહિંમત થયા નહિ. કિંમતી ભોગ આપવા પડયા છતાં વિજય તેમને જ મળ્યો. એ ચાર સો કે એ પાંચ હજાર ઇંગ્રેજો અહીંના થોડા સિપાહીઓની મદદથી એ લાખ બંડખોરોને હરાવી શકે એ શું કોઇ પણ રીતે સંભવિત હતું? યુરોપમાં તો એમ મનાવા લાગ્યું હતું કે હિંદુસ્તાન હવે ઇંગ્રેજોના હાથમાં રહે તેમ નથી. કેટલાક રાજ કાર્યકુશળ મુત્સદીઓને પણ સ્થિતિ ભયંકર લાગતી હતી, પરન્તુ સ્વાશ્રય અને છેવટ સુધી ઉદ્યોગ કરવાના ગુણથી જ ઇંગ્રેજો વિજય પામ્યા. આવેલું સંકટ ટાળવાને અને સુખ પ્રાપ્ત કરવાને એ ગુણો આવશ્યકીય છે, તે ગુણો અમારા દેશબન્ધુઓમાં ખીલે, ઉદ્યોગ, સંકટ વખતે ધીરજ અને આત્મવિશ્વાસના આદર્શ વીરો અમારી જન્મભૂમિની કુખમાં પાકે એવી પ્રાર્થના કરી આ લઘુ લેખ સંપૂર્ણ કરીએ છીએ.

કેટલાંક નવાં પુસ્તકો.

દીવાને સાગર } **સાગર**નાં કાવ્યો, ગઝલો, તથા શઅરો. પ્રેમ-ભક્તિ અને **જ્ઞાનવૈરાગ્ય**નાં ભજનોનો સંગ્રહ. 'કલાપીના કેકારવ'ના જેવડાં લગભગ ૫૫૦ પૃષ્ઠનો દળદાર ગ્રન્થ. **નારદ 'ભક્તિસૂત્ર'** નું ભાષાન્તર તથા સુફીની પરિભાષાના વિસ્તારી શબ્દકોષ સાથે જાડા ગ્લેઝડ કાગળ અને સુંદર છપાઇ તથા પાકી બંધાઇ.

કિંમત–રૂપીઆ અઢી. ખાસ ઉંચી આવૃત્તિના રૂ. ૩–૮–૦

સ્મરણ સંહિતા } એક કરુણ પ્રશસ્તિ. કર્તા:—સા. શ્રી**નરસિંહ** **રાવ ભોળાનાથ દિવેટિયા,** બી. એ.

ઉપોદ્ઘાત તથા વિસ્તારી ટીકા લખનાર:—

પ્રો. આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ, એમ.એ., એલએલ. બી.

કાવ્યપ્રસંગમાંનાં ખાસ તૈયાર કરાવેલાં અને એ શાહીથી છાપેલાં **દસ ચિત્રો;** ઉંચાં એન્ટિક પેપર અને મુંબઇના 'ગુજરાતી' પ્રેસની સુન્દર છપાઇ. ગુજરાતી સાહિત્યમાં સર્વ પ્રકારે તદ્દન નવીનતા. **કિંમત રૂ. સવા.**

નૂપુરઝંકાર } સા. શ્રી **નરસિંહરાવ ભોળાનાથ** દિવેટીઆનાં કાવ્યોના વિસ્તારી ટીકા સાથેનો નવો ગ્રન્થ. કવિનદેવીના સુંદર ચિત્ર સાથે. **કિંમત રૂ. એક.**

સંસારિકા } કર્તા મર્હુમ **બી. એમ. મલબારી. કિં. રૂ. એ.** (બહુજ થોડી નકલો સીલક છે તે ખલાસ થયા પછી મળવાનો સંભવજ નથી.)

પ્રવાસીના પત્રો.

સમાજ, ધર્મ રાજ્ય, સાહિત્ય, વગેરે વિષયોની પત્રોરૂપે છુટી છુટી ચર્ચા–કર્તા **કેશવલાલ હ. શેઠ.** સુપરરોયલ ૧૬ પેજી ૨૦૦ ઉપર પૃષ્ઠ, કાગળ ગ્લેઝ ને પાકું **રૂપેરી** પુંઠું. **કિંમત રૂ. એક.**